અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર રોંગ સાઈડ ઓવરટેકના ચક્કરમાં સર્જાયો ભયાનક અકસ્માત

સુરતથી રાજસ્થાન જતી બસને અકસ્માત, 5નાં મોત

આણંદના બોરીયાવી એક્સપ્રેસ વે પર 'સાઈ દર્શન ટ્રાવેલ્સ'ની બસ ટ્રક સાથે ભયાનક રીતે ઘસડાઈ, ચારને ઈજા

અમદાવાદ: અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આણંદ-નડિયાદ વચ્ચે આજે વહેલી સવારે સુરતથી રાજસ્થાન જઈ રહેલી 'સાઈ દર્શન ટ્રાવેલ્સ'ની ખાનગી બસને ગમખ્વાર અકસ્માત નડતાં પાંચ મુસાફરોના કરૂણ મોત નીપજ્યાં હતાં, જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતની જાણ થતાં જ આણંદ ગ્રામ્ય પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. એકસાથે પાંચ લોકોનાં મોતથી મૃતકોના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

આ અંગે મળતી માહિતી મુજબ, આજે વહેલી સવારે સુરતથી રાજસ્થાન તરફ જઈ રહેલી ખાનગી બસ અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થઈ રહી હતી. દરમિયાન આણંદથી નડિયાદ વચ્ચે ઓવરટેકિંગ લેનમાં બસને અકસ્માત નડ્યો હતો. વહેલી સવારે બનેલી આ દુર્ઘટના એટલી ગંભીર હતી કે બસમાં સવાર મુસાફરોમાં અફરાતફરી અને ચીસાચીસ મચી ગઈ હતી. અકસ્માત બાદ રાહદારીઓ તથા સ્થાનિક લોકો પણ મદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ ઘટના અંગે પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એચ.મારૂએ માહિતી આપતા જણાવ્યું હતું કે, પાંચના મોત થયા છે, જ્યારે જ્યારે અન્ય ચાર લોકો અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોની ટીમે તેમની સારવાર શરૂ કરી હતી. આ અકસ્માતની જાણ થતાં જ આણંદ ગ્રામ્ય પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોઆણંદ રૂરલ પોલીસે આ

ઘટના અંગે લક્ઝરી બસ નં. AR-01-W-1818 ના ચાલક સામે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

મૃતકોનાં નામ

- મુરલી મનોહરસિંહ જગદીશસિંહ, (રહે., દુલચાસર, બીકાનેર, રાજસ્થાન)
- નિખિલ તુલસીરામ સુથાર (રહે., માવલી થામલા, રાજસ્થાન)
- કૈલાસચન્દ્ર રામચન્દ્ર કુમાવત, (રહે., દેતુરીયા મહોલ્લા, પીપલી આયેન, રાજસ્થાન)
- આબીદહુસેન અબ્દુલ વાહીદ અંસારી, (રહે., રફુનબથા (ભાથા, જિ. સારન, બિહાર)
- જીતેન્દ્રસિંહ નટવરસિંહ ઝાલા, (રહે., બડોદરા, તા.ઝાલોદ, જિ.સાબરકાંઠા)

મુસાફરોની ચીસો અને આજીજી છતાં બસ ઊભી ન રાખી!

આ અકસ્માત સર્જાયા બાદ બસની અંદર ભયાનક કકળાટ અને ચીસાચીસ મચી ગઈ હતી. લોહીલુહાણ થયેલા મુસાફરો અને પરિવારજનો બસના ડ્રાઈવરને બસ તરત જ ઊભી રાખવા વારંવાર આજીજી કરી રહ્યા હતા. જોકે, કાળમુખા બસ ચાલકે અકસ્માતની ગંભીરતા જાણવા છતાં અને લોકોના જીવ જોખમમાં હોવા છતાં બસ ઊભી રાખી ન હતી અને બસને આગળ સુધી હંકારી ગયો હતો. જો ચાલકે સમયસર બસ ઊભી રાખી હોત તો કદાચ ઈજાગ્રસ્તોને વહેલી સારવાર મળી શકી હોત.

સુરત GSTAT બેન્ચે પહેલા જ ચુકાદામાં વિભાગની અપીલ ફગાવી

રૂ. 20 લાખથી ઓછી રકમ માટે સરકારી તંત્ર દોડ્યું ટ્રિબ્યુનલ સુધી

સુરત: ગુજરાતના ટેક્સ જગતમાં 29 સપ્ટેમ્બર, 2026નો દિવસ ઈતિહાસમાં નોંધાઈ ગયો! વર્ષોથી રાહ જોવાતી હતી તે GST એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT)ની સુરત બેન્ચે આખરે કામકાજ શરૂ કરી દીધું છે.

ડિવિઝન બેન્ચ કોર્ટ નં. 1 એ તેના સૌપ્રથમ ફાઈનલ ઓર્ડરમાં જ વિભાગની અપીલને ફગાવી દીધી છે. કેસની વિગત એવી છે કે અંકલેશ્વર CGST ડિવિઝન-XIના સહાયક કમિશનરે પાનોલી GIDCમાં આવેલી રૂતુ કેમિકલ્સ સામે બાંયો ચડાવી હતી. આરોપ હતો કે કંપનીએ GSTR-1માં દર્શાવેલી જવાબદારી કરતા GSTR-3Bમાં ઓછો ટેક્સ ભર્યો છે. નીચલી કોર્ટે ટેક્સ અને વ્યાજની માંગ કન્ફર્મ કરી, રૂ.22,155નો દંડ પણ ઠોકી દીધો. પરંતુ કંપની એપેલેટ ઓથોરિટી સમક્ષ ગઈ. ત્યાં રિકન્સિલિએશન શીટ તપાસતાં જાણવા મળ્યું કે ડિસેમ્બર 2018માં રૂ.1,07,996 અને માર્ચ 2019માં રૂ.1,79,997નો તફાવત હતો. માર્ચ 2019નો તફાવત તો માત્ર રૂ.1.80 લાખના ક્રેડિટ નોટ GSTR-1માં ન દર્શાવવાને કારણે થયો હતો, જે એપ્રિલ 2019માં સુધારી પણ લેવાયો હતો! એપેલેટ કમિશનરે કલમ 128A હેઠળ એમનેસ્ટીનો લાભ આપી દંડ સંપૂર્ણ માફ કરી દીધો. બસ, આ જ વાત વિભાગને ખટકી! દંડ માફ કેમ કર્યો? કહીને વિભાગ સીધું GSTAT પહોંચી ગયું.

GSTAT સુરત બેન્ચમાં જ્યુડિશિયલ સભ્ય સંજયકુમાર દ્વિવેદી અને ટેકનિકલ સભ્ય રમેશકુમાર જી. હડવાણીની બેન્ચ સમક્ષ 8 સપ્ટેમ્બરે સુનાવણી થઈ. વિભાગ વતી સુપરિન્ટેન્ડેન્ટ સંતોષ કુમાર દલીલ કરવા આવ્યા, જ્યારે સામે પક્ષે કોઈ હાજર જ ન રહ્યું! પરંતુ બેન્ચે કેસની મેરિટમાં પડ્યા વગર જ એવો દાવ ફેંક્યો કે વિભાગ જ જોતું રહી ગયું. બેન્ચે કહ્યું, ભાઈ, તમારી અપીલની રકમ જ માત્ર બે લાખની આસપાસ છે, જ્યારે CBICના પરિપત્ર નં. 207/1/2024-GST તા. 26 જૂન 2024 મુજબ રૂ. 20 લાખથી ઓછી રકમમાં વિભાગ અપીલ કરી જ શકે નહીં!

નિયમ શું છે?

નાની રકમના કેસોમાં લિટિગેશન ઘટાડવા માટે સરકારે જ મોનેટરી લિમિટ બાંધી છે. આ કેસ તેમાંના કોઈ અપવાદમાં પણ આવતો નથી. એટલે અપીલ 'નોટ મેઈન્ટેનેબલ' ગણી ફગાવવામાં આવે છે. આ ચુકાદાથી સ્પષ્ટ થઈ ગયું છે કે હવે વિભાગ નાની-નાની રકમ માટે વેપારીઓને GSTAT સુધી ઢસડી શકશે નહીં. ટેક્સ બારના નિષ્ણાતોનું માનવું છે કે આનાથી હજારો નાના વેપારીઓને બિનજરૂરી લિટિગેશનમાંથી મુક્તિ મળશે.

સુરત જિલ્લામાં માર્ગ અકસ્માતો રોકવા તંત્ર એક્શનમાં

પલસાણા, કામરેજ, માંડવી, ઓલપાડમાં અકસ્માત પેટર્નના આધારે પગલાં લો

હાઈવેના દબાણથી અનધિકૃત હોર્ડિંગ્સ સુધી કાર્યવાહીનો પ્લાન

સુરતઃ સુરત જિલ્લામાં હાઈવે અને મુખ્ય માર્ગો પર વધતા અકસ્માતોના જોખમને ઘટાડવા માટે જિલ્લા કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લા માર્ગ સલામતી સમિતિની 49મી બેઠકમાં વિવિધ મુદ્દાઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં ખાસ કરીને નેશનલ હાઈવે-53 પરના દબાણો, રસ્તાની માર્જિનમાં આવેલા અનધિકૃત હોર્ડિંગ્સ અને હાઈવે પર બેદરકારીપૂર્વક પાર્ક થતાં વાહનોને કારણે ઊભા થતાં જોખમ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

અકસ્માતની શક્યતા વધારતા તેમજ ટ્રાફિક અવરોધતા હોર્ડિંગ્સની ઓળખ કરી જરૂરી કાર્યવાહી કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. બારડોલી આરટીઓ કચેરી દ્વારા જિલ્લામાં ગત મહિને થયેલા ફેટલ અકસ્માતો અંગે તૈયાર કરાયેલા અહેવાલની પણ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી. ગત વર્ષની સ્થિતિ સાથેની સરખામણી કરીને અકસ્માતોની સ્થિતિનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પલસાણા, કામરેજ, માંડવી અને ઓલપાડ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં અકસ્માતોની પેટર્નને ધ્યાનમાં રાખીને જરૂરી માર્ગ સલામતીનાં પગલાં લેવા ચર્ચા કરવામાં આવી હતી.

વિભાગોને એક્શન પ્લાન પૂર્ણ કરવાની તાકીદ

ગત બેઠકમાં આપવામાં આવેલી સૂચનાઓના આધારે વિવિધ વિભાગોએ તૈયાર કરેલા મોડિફાઇડ એક્શન પ્લાનની પ્રગતિ અંગે પણ કલેક્ટરે માહિતી મેળવી હતી. જે વિભાગોની કામગીરી હજુ બાકી છે, તેમને તાત્કાલિક એક્શન પ્લાન તૈયાર કરી અમલમાં મુકવા તાકીદ કરવામાં આવી હતી.

મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ વે પર પાર્કિંગ સામે નજર

મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ વે પર વાહનોને બેદરકારીપૂર્વક પાર્ક કરવાના કારણે સર્જાતા ફેટલ અકસ્માતોને અટકાવવા માટે પણ બેઠકમાં ખાસ ચર્ચા થઈ હતી. આવા સ્થળોની ઓળખ કરી પોલીસ અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સંકલન સાથે જરૂરી પગલાં લેવા અંગે કલેક્ટરે સૂચનો મેળવ્યા હતા.

વાંઝમાં ચપ્પુથી હુમલો કરી શાળાની અગાસી પર ચઢી શખ્સે આતંક મચાવ્યો

સોશિયલ મીડિયા પર યુવકના તમાશાનો વિડીયો વાયરલ

સુરતઃ સચિન વિસ્તારમાં આવેલા વાંઝ ગામમાં આજે બપોરે એક સનસનીખેજ અને રુંવાડા ખડા કરી દે તેવી ઘટના સામે આવી છે. ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટમાં નોકરી કરતાં એક માથાભારે શખ્સે સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી બાદ યુવક પર ચપ્પુથી જીવલેણ હુમલો કરી ગ્રામ પંચાયતની શાળાની અગાસી પર ચઢી જઈ આખોય વિસ્તાર બાનમાં લીધો હોવાનો હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, વાંઝ ગામમાં રહેતા ધનંજય દશરથ નામના શખ્સે ગામના જ હરીશભાઈ રાઠોડ સાથે કોઈક સામાન્ય બાબતે ઉગ્ર તકરાર કરી હતી. વાત એટલી હદે વણસી ગઈ કે આવેશમાં આવેલા આરોપીએ પોતાની પાસે રહેલા ધારદાર ચપ્પુ વડે હરીશભાઈ પર ઉપરાઉપરી જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. અચાનક થયેલા આ હુમલાને કારણે હરીશભાઈ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર ફસડાઈ પડ્યા હતા, જેને પગલે ઘટનાસ્થળે ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. ઈજાગ્રસ્ત હરીશભાઈને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અગાસી પર ખુલ્લી છરી લહેરાવી ધમકીઓ આપી

યુવક પર ખૂની હુમલો કર્યા બાદ પણ આરોપીનું મન ન ભરાયું અને તે દહેશત ફેલાવવાના ઈરાદે ખુલ્લી છરી લહેરાવતો સીધો ગ્રામ પંચાયત સંચાલિત શાળાની અગાસી પર ચઢી ગયો હતો. અગાસી પરથી તે નીચે ઊભેલા ગ્રામજનોને ગંદી ગાળો આપી અને ચપ્પુ વીંઝીને જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકીઓ આપવા લાગ્યો હતો. આરોપીનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

પોલીસે શખ્સને ઝડપી પાડ્યો, રોષે ભરાયેલા ગ્રામજનોએ પોલીસવાન ઘેરી લીધી

ઘટનાની જાણ થતાં જ સચિન પોલીસ મથકનો કાફલો ગણતરીની મિનિટોમાં જ વાંઝ ગામ દોડી આવ્યો હતો. પોલીસે સમયસૂચકતા વાપરી મહામહેનતે અગાસી પર ચડેલા આરોપી ધનંજય દશરથને ઝડપી પાડી નીચે ઉતાર્યો હતો. જોકે, આરોપીના હિચકારા કૃત્યથી રોષે ભરાયેલા ગ્રામજનોએ પોલીસ વાનને ચારે બાજુથી ઘેરી લીધી હતી અને આરોપી સામે કડક કાર્યવાહીની માંગ કરી ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા.

નર્મદા ડેમ સાતમી વખત 138.68 મીટરની સપાટીએ છલકાયો

રાષ્ટ્રાર્પણ બાદ સાતમી વખત સરદાર સરોવર પૂર્ણ સપાટીએ, જળરાશિના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેવડિયામાં વધામણાં કર્યા

ગાંધીનગરઃ ગુજરાતની જળક્રાંતિ અને કૃષિક્રાંતિની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ ફરી એક વખત તેની મહત્તમ સપાટી 138.68 મીટર એટલે કે 455 ફૂટે પહોંચી ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 17 સપ્ટેમ્બર, 2017ના રોજ ડેમનું રાષ્ટ્રાર્પણ કર્યા બાદ આ સાતમી વખત છે જ્યારે સરદાર સરોવર તેની મહત્તમ સપાટીએ પહોંચ્યો છે. વર્ષ 2019, 2020, 2022, 2023, 2024, 2025 બાદ હવે 2026માં પણ ડેમ સંપૂર્ણ ભરાયો છે. કેવડિયામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે નર્મદાના નીરનું પૂજન કરી જળરાશિના વધામણાં કર્યા હતા. સરદાર સરોવર ડેમની મહત્તમ સપાટીએ કુલ 9,460 મિલિયન ઘન મીટર જળસંગ્રહ ક્ષમતા છે.

4 કરોડથી વધુ લોકો માટે પીવાના પાણીનો આધાર

નર્મદા ડેમમાંથી ગુજરાતના 10,453 ગામો, 191 શહેરો અને 7 મહાનગરપાલિકાઓને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. આમ, રાજ્યની આશરે 4 કરોડથી વધુ વસ્તી માટે નર્મદા જળ પીવાના પાણીનો મહત્વપૂર્ણ આધાર બની રહ્યું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષે સમગ્ર નર્મદા બેસીનમાં આવેલા પાણીના જથ્થાને ધ્યાને લેતાં સામાન્ય વર્ષોમાં ગુજરાતને ફાળવાતા 9 મિલિયન એકર-ફૂટ (MAF) પાણીની સામે હાલમાં આશરે 7.9 મિલિયન એકર-ફૂટ પાણી ઉપલબ્ધ છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

જંગલની 1,500...

છે, પરંતુ ઉપલબ્ધ સરકારી કાર્યવાહી, ગ્રામસભાના રેકોર્ડ અને વર્ષવાર સેટેલાઈટ ઈમેજના આધારે તેમના દાવા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ પ્રકરણમાં સૌથી મહત્વની બાબત ગ્રામસભાનું સત્તાવાર નિવેદન છે. 500 થી વધારે આ કબજેદારો જે તેમની જમીન હોવાનો દાવો કરે છે. તેમના દ્વારા દાવા અરજીમાં સબ-ડિવિઝનલ લેવલ કમિટી (SDLC) અને ડિસ્ટ્રિક્ટ લેવલ કમિટી (DLC) માં ડોંગરીપાડા ગ્રામસભાના ઠરાવ મુકવામાં આવ્યા છે. જ્યારે ડોંગરીપાડા ગ્રામસભાએ આ ઠરાવ તેમના ન હોનાવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે. આ ઠરાવ બોગસ હોવાનું સ્પષ્ટ થાય છે. નવાઈની વાત તો એ છે કે આ કબજેદારો જ્યાં કબજો જતાવી રહ્યા છે તે સમગ્ર વિસ્તાર ડોંગરીપાડામાં આવતો પણ નથી. તેમ છતાં 300 થી વધારે બોગસ ઠરાવ ડોંગરીપાડાના બનાવી દાવામાં મુકવામાં આવ્યા છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ જંગલ વિસ્તારમાં તેઓ વર્ષોથી ઘાસચારો એકત્ર કરતા હતા અને જંગલ સુરક્ષિત હતું. પરંતુ બાદમાં બહારથી આવેલા લોકો દ્વારા સ્થાનિકોને ત્યાંથી દૂર કરી વૃક્ષો કાપીને ખેતી શરૂ કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. આશરે 300થી 500 લોકો સહિત 12 જેટલા ગામોના લોકોનો આ જમીન સાથે સંબંધ હોવાનું અને આશરે 1,500 હેક્ટર વિસ્તારમાં કબજો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

2024ની દુષ્કર્મ-હત્યાની ઘટના બાદ વિવાદ વધુ વકર્યો

આ જમીનનો વિવાદ વર્ષ 2024 પછી વધુ ઉગ્ર બન્યો હોવાનો સ્થાનિકોનો દાવો છે. ઉમરપાડા વિસ્તારની એક બાળકી સાથે દુષ્કર્મ બાદ હત્યાની ઘટના બની હતી. આ કેસમાં સાગબારા વિસ્તારના લોકો સહિત એક આરોપી મહારાષ્ટ્રનો હોવાનું જણાવાયું હતું. આ ઘટના બાદ ઉમરપાડાના સ્થાનિકોએ ન્યાયની માગ સાથે રેલીઓ યોજી કલેક્ટર, વન વિભાગના અધિકારીઓ અને સ્થાનિક આગેવાનો સમક્ષ રજૂઆતો કરી હતી.

રેન્જ ફોરેસ્ટ ઉપર પણ જીવલેણ હુમલો કરાયો

સ્થાનિકોના જણાવ્યા મુજબ સાગબારા વિસ્તારના કેટલાક લોકો આ જમીન પર પોતાનો કબજો જાળવી રાખવા માટે મહારાષ્ટ્રના કેટલાક લોકોને ત્યાં રાખતા હોવાનો પણ આક્ષેપ છે. બાદમાં સ્થાનિક લોકો એકત્ર થઈ આ લોકોને ત્યાંથી દૂર કર્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. દસ્તાવેજોની ચકાસણી અને જમીનના વિવાદ વચ્ચે વર્ષ 2025માં રેન્જ ફોરેસ્ટ ઓફિસર પર હુમલો થયો હોવાનો પણ મુદ્દો સામે આવ્યો છે.

2013ની SDLC ચકાસણીમાં દાવા ખોટા ઠર્યા હોવાનો દાવો

પ્રાપ્ત વિગતો મુજબ વર્ષ 2013માં સબ-ડિવિઝનલ લેવલ કમિટી (SDLC) દ્વારા દાવેદારોને સાંભળી ગામવાર દાવાઓની ચકાસણી કરવામાં આવી હતી. તપાસમાં અનેક દાવા ખોટા હોવાનું બહાર આવ્યું છે. ત્યારબાદ વર્ષ 2016માં ડિસ્ટ્રિક્ટ લેવલ કમિટી (DLC) સ્તરે પણ સમગ્ર પ્રકરણની ફરી તપાસ કરવામાં આવી હતી. 500થી વધુ દાવેદારોની સુનાવણી કરવામાં આવી હોવાનું જણાવાય છે. તપાસ દરમિયાન અનેક દાવેદારો 2010 પછીના હોવાનું તથા કેટલાક મકાનો માત્ર ત્રણથી ચાર વર્ષ જૂનાં હોવાનું સામે આવ્યું હોવાનો દાવો છે. માંડવી પ્રાંતની તપાસમાં પણ કબજેદારો સ્થળ પર નહોતા. તપાસના આધારે DLC દ્વારા દાવાઓ રદ કરવામાં આવ્યા હોવાની વિગતો સામે આવી છે.

વર્ષોથી વસવાટ...

દેખાય છે. પરંતુ વર્ષ 2014ની ઈમેજમાં સ્થિતિ અચાનક બદલાયેલી જોવા મળે છે. જે વિસ્તારમાં અગાઉ જંગલ દેખાતું હતું ત્યાં જંગલનું આવરણ ગાયબ થઈ ખાલી વિસ્તાર અને ખેતી થયેલી જમીન જોવા મળે છે. એટલે માત્ર એક વર્ષના ગાળામાં મોટા પાયે જંગલ સાફ કરી જમીનનો ઉપયોગ બદલાયો હોવાનો સવાલ ઊભો થાય છે.

પાંચ વર્ષ...

2021માં કોરોના કાળ દરમિયાન આ હત્યા કરી હતી. માધવદાસ ભક્તિરામ સાધુ અને તેની પત્ની ઉર્મિલા ઉર્ફે જયાએ સાથે મળીને પૈસા અને મિલકતની લાલચમાં દાદી-સાસુની હત્યા કરી લાશ ઘરમાં જ દાટી દીધી હતી. એટલું જ નહીં, આ દંપતીએ પોતાના જ પરિવારની અન્ય બે બીમાર મહિલાઓની પણ ગળું દબાવી હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે.

પોલીસે ઘરમાં ખોદકામ કરી લાશ કાઢી, લોકોનાં ટોળાં ઊમટ્યાં

સમગ્ર હકીકત સામે આવ્યા બાદ બુધવારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, કોસંબા પોલીસ, ડીવાયએસપી, મામલતદાર અને એફએસએલની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ઘરમાં ખોદકામ હાથ ધરી શાંતાબેનની લાશનાં અવશેષો બહાર કાઢ્યાં હતાં. કોસંબાના ઈતિહાસમાં પહેલીવાર આવી ગંભીર ઘટના બનતાં અને જમીનમાંથી મૃતદેહ બહાર કાઢવાની કામગીરી જોવા લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં. સત્ય બહાર આવતાં ઉપસ્થિત લોકોએ હત્યારા માધવદાસ પર ભારે ફિટકાર વરસાવ્યો હતો. હાલ પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ હત્યા તથા પુરાવાના નાશ કરવાના ગુના હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ ચાલી રહી છે.

મિલકત માટે દાદી-સાસુની હત્યા કરી લાશ ડ્રમમાં પેક કરી ઘરમાં દાટી દીધી

શાંતાબેન ગંભીરભાઈ વસાવા (ઉ.વ.60) ના પતિ રેલવેમાં નોકરી કરતા હતા અને તેમના અવસાન બાદ શાંતાબેન પેન્શન પર સુખી જીવન ગુજારતા હતા. તેમની રોકડ, કિંમતી સામાન અને મકાન પચાવી પાડવાના ઈરાદે દંપતીએ કોરોના કાળ (વર્ષ 2021-22) દરમિયાન તેમની હત્યા કરી નાખી હતી. ત્યારબાદ મૃતદેહને પ્લાસ્ટિકના બેરલમાં મૂકી તેમાં સિમેન્ટ-કોંક્રિટ ભરી દીધું હતું અને ઘરમાં જ મોટો ખાડો ખોદીને તેને દાટી દીધું હતું. કોઈને શંકા ન જાય તે માટે તેઓએ એવી અફવા ફેલાવી હતી કે શાંતાબેનનું કોરોનાથી મૃત્યુ થયું છે. કોરોનાનો ભય હોવાથી સ્થાનિક લોકોએ પણ આ વાત માની લીધી હતી અને પાંચ વર્ષ સુધી કોઈને આ જઘન્ય અપરાધની ગંધ આવી ન હતી.

10 માસનું...

ઉતરી ગયા બાદ ટેમ્પો આગળ લેવા જતાં બાળક ભવ્ય તેની અડફેટે આવી ગયો હતો. ટેમ્પાનું જમણી બાજુનું પાછળનું ટાયર માસૂમ ભવ્યના માથા પરથી ફરી વળતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. માસૂમના મોતથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. અકસ્માત બાદ ટેમ્પો ચાલક નિર્મિત ટેમ્પો સ્થળ પર જ મૂકીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ઉત્રાણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરતમાં એમ્બ્રોઈડરીમાં...

હકો માટે અવાજ ઉઠાવતા શ્રમિકોની માંગને પગલે જિલ્લા વહીવટી તંત્ર અને શ્રમ વિભાગે કાર્યવાહી હાથ ધરી છે. સુરત કલેક્ટર તથા નાયબ શ્રમ આયુક્તની કચેરી તરફથી એમ્બ્રોઈડરી સહિત ટેક્સટાઈલ સંબંધિત એસોસિએશનોને પરિપત્ર પાઠવી શ્રમિકોને લગતી કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવા સૂચના આપવામાં આવી છે. ધરણાંના એક દિવસ અગાઉ જ શ્રમ વિભાગની કાર્યવાહીથી શ્રમિક વર્ગમાં રાહત અને ઉત્સાહ જોવા મળ્યો છે.

હવે અમલ પર નજર, ઉલ્લંઘન થાય તો ફરિયાદનો માર્ગ ખુલ્લો

શ્રમ વિભાગના પરિપત્ર બાદ હવે મુખ્ય પ્રશ્ન તેનો જમીની સ્તરે અમલ કરવાનો છે. શ્રમિકોના હકો અંગેની જોગવાઈઓનું પાલન ન થાય તો સંબંધિત શ્રમિકો અથવા તેમના પ્રતિનિધિઓ શ્રમ વિભાગ સમક્ષ ફરિયાદ કરી શકે છે.

પત્ની સાથેની...

અને તેના કૌટુંબિક ભાઈએ દાદી-સાસુ શાંતાબેનની હત્યા કરી લાશ ઘરમાં દાટી છે. પોલીસે ઉર્મિલાના ભાઈની તાત્કાલિક અટકાયત કરી પૂછપરછ કરતાં તેની કોઈ સંડોવણી જણાઈ ન હતી. પરિણામે પોલીસને બાતમીદાર માધવદાસ પર જ શંકા ગઈ અને તેની કડક પૂછપરછ કરતાં તેના નિવેદનોમાં વિસંગતતાઓ મળી આવી. આખરે માધવદાસ ભાંગી પડ્યો અને કબૂલાત કરી કે શાંતાબેનની હત્યા તેણે અને પત્ની ઉર્મિલાએ જ કરી હતી.

સુરતની તમામ...

હોટલ, રેસ્ટોરન્ટ કે કેન્ટીન સંચાલક આ નિયમનું પાલન કરવામાં નિષ્ફળ જશે અથવા આદેશનો અનાદર કરશે, તો મનપા દ્વારા તેમનું ફૂડ/ટ્રેડ લાયસન્સ સ્થગિત (સસ્પેન્ડ) કરવા સુધીની સખત કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તંત્ર દ્વારા તમામ ખાણી-પીણીના વેપારીઓને આ બાબતે ગંભીરતાથી નોંધ લેવા અને વહેલી તકે આ વ્યવસ્થા ઊભી કરવા સૂચના આપવામાં આવી છે.

સુરતથી ઉદયપુર...

સેમી-હાઈ સ્પીડ ટ્રેન ગુજરાત અને રાજસ્થાન વચ્ચેની કનેક્ટિવિટીને નવી ગતિ આપશે. આધુનિક સુવિધા, વધુ સલામતી અને ઝડપી એક્સિલરેશન સાથે મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટશે.નોટિફિકેશન મુજબ, ઉદ્ઘાટન રન 2 ઓક્ટોબરે શુક્રવારે ટ્રેન નં. 09103 તરીકે સુરતથી સવારે 10.00 વાગ્યે ઉપડશે અને સાંજે 5.40 વાગ્યે ઉદયપુર પહોંચશે. આ 8 કોચની વંદે ભારત રેકનું પ્રાથમિક મેઈન્ટેનન્સ સુરત ખાતે થશે, જ્યારે વડોદરા અને અસારવા વોટરિંગ સ્ટેશન રહેશે. મહત્ત્વનું છે કે, હાલની 26963/26964 ઉદયપુર-અસારવા વંદે ભારતની છેલ્લી ટ્રીપ 1 ઓક્ટોબરે દોડશે અને 2 ઓક્ટોબરથી તે સેવા બંધ કરીને નવી સુરત-ઉદયપુર સેવામાં વિલીન કરવામાં આવશે.

સુરતથી ટ્રેન સવારે 6.10 કલાકે ઉપડશે

નિયમિત સેવા શરૂ થયા બાદ ટ્રેન નં. 26903 દર સોમવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારે સવારે 06.10 વાગ્યે સુરતથી ઉપડશે અને તે જ દિવસે બપોરે 13.40 વાગ્યે ઉદયપુર પહોંચશે. આ સેવા 4 ઓક્ટોબર, 2026થી નિયમિત શરૂ થશે. જ્યારે પરત દિશામાં ટ્રેન નં. 26904 ઉદયપુરથી 3 ઓક્ટોબર, 2026થી દોડશે. તે દર સોમવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારે બપોરે 15.35 વાગ્યે ઉદયપુરથી ઉપડી રાત્રે 23.00 વાગ્યે સુરત પહોંચશે. મંગળવારે બંને તરફ સાપ્તાહિક બંધ રહેશે.

ક્યાં ક્યાં ઊભી રહેશે

બંને દિશામાં આ ટ્રેન ભરૂચ, વડોદરા, આણંદ, મણીનગર, અસારવા, હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર અને ઝાવર સ્ટેશનો પર હોલ્ટ કરશે. આ રૂટથી ઉત્તર ગુજરાતના યાત્રાધામ અંબાજી-શામળાજી જતા શ્રદ્ધાળુઓ અને ઉદયપુર ફરવા જતાં પ્રવાસીઓને સીધો લાભ મળશે.

દ. ગુ.માં...

માટે રાજ્ય સરકાર તાત્કાલિક ધોરણે સુરતમાં નવી ડેન્ટલ કોલેજ શરૂ કરે તેવી પ્રબળ લોકમાંગ ઊઠી છે. ગુજરાતનું આર્થિક પાટનગર ગણાતું સુરત શહેર અને તેની આસપાસનો દક્ષિણ ગુજરાતનો પટ્ટો (જેમાં ભરૂચ, સુરત, નવસારી, ડાંગ, તાપી, વલસાડ અને વાપીનો સમાવેશ થાય છે) વસ્તી અને આર્થિક વિકાસની દૃષ્ટિએ ખૂબ જ આગળ છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે લાખોની વસ્તી ધરાવતા આટલા મોટા વિસ્તારમાં વિદ્યાર્થીઓ માટે BDS (બેચલર ઓફ ડેન્ટલ સર્જરી) કે MDS નો અભ્યાસ કરવા માટે એક પણ કોલેજ ઉપલબ્ધ નથી. દક્ષિણ ગુજરાતમાંથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (B ગ્રુપ) માં સારા માર્ક્સે ઉત્તીર્ણ થાય છે, પરંતુ સ્થાનિક સ્તરે યોગ્ય શૈક્ષણિક માળખાના અભાવે તેઓની પ્રતિભાને મોટો અન્યાય થઈ રહ્યો છે. આ ગંભીર શૈક્ષણિક ખામીને દૂર કરવા અને વિદ્યાર્થીઓના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે રાજ્યનું શિક્ષણ વિભાગ અને આરોગ્ય મંત્રાલય સત્વરે સંવેદનશીલતા દાખવીને યોગ્ય નિર્ણય લે તે અનિવાર્ય છે. વિદ્યાર્થી સંગઠનો અને વાલી મંડળો દ્વારા માંગ કરવામાં આવી છે કે રાજ્ય સરકાર આગામી શૈક્ષણિક સત્રથી જ સુરતમાં નવી ડેન્ટલ કોલેજ ફાળવવાની સત્તાવાર જાહેરાત કરે. જો સરકાર આ દિશામાં સકારાત્મક અને ઝડપી પગલાં નહીં ભરે, તો આગામી દિવસોમાં વિદ્યાર્થીઓના હિતમાં ઉગ્ર રજૂઆતો અને આંદોલનાત્મક કાર્યક્રમો થાય તો નવાઈ નહીં હોય.

ભૂતકાળમાં નવી...

ભૂતકાળમાં નવી સિવિલ હોસ્પિ.માં ડેન્ટલ કોલેજ શરૂ કરવા માટે હિલચાલ પણ કરવામાં આવી હતી અને તેમાં રાજ્ય સરકાર દ્વારા સરવે પણ કરવામાં આવ્યો હતો પરંતુ ત્યારબાદ કેન્દ્ર સરકારમાંથી ના પાડી દેવામાં આવી હતી. હવે ફરી પ્રોસેસ શરૂ કરવામાં આવે તો સુરતને મોટો લાભ થાય તેમ છે.

સપ્ટે.ના અંતિમ...

હતું. ત્યારબાદ 2023માં 34.6 ડિગ્રી, 2024માં 33.8 ડિગ્રી અને 2025માં 34.0 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. ચાલુ વર્ષે સપ્ટેમ્બરના અંતિમ દિવસે જ પારો 35 ડિગ્રી સુધી પહોંચ્યો છે. આમ, 2022 બાદ સપ્ટેમ્બર મહિનામાં સૌથી વધુ મહત્તમ તાપમાન આ વર્ષે નોંધાયું છે. આજે શહેરમાં ઉત્તર દિશામાંથી પવન ફૂંકાયો હતો. ઉત્તર તરફથી આશરે 6 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં ગરમીનો અનુભવ વધ્યો હતો. આજે શહેરમાં 64 ટકા ભેજ નોંધાયો હતો. જ્યારે મહત્તમ તાપમાન 35 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આગામી દિવસોમાં ગરમીનો અનુભવ વધુ થવાની સ્થિતિ સર્જાઈ છે.

અનુસંધાન... પાના પહેલાનું

34,000 ફૂટે કો-...

ગયું હતું. આગળની સીટ પર બેઠેલા ઇઝરાયેલી મુસાફરો અને ફ્લાઇટ ક્રૂના સભ્યો દરવાજો તોડીને કોકપિટમાં ઘૂસી ગયા હતા અને હુમલાખોરને કાબૂમાં લીધો હતો. આ દરમિયાન વિમાનમાં સવાર અન્ય બે રાહત પાઇલોટોએ કંટ્રોલ સંભાળીને વિમાનને સ્થિર કર્યું હતું.

ઘટના બાદ વિમાને આંતરરાષ્ટ્રીય કટોકટી કોડ 7700 જારી કર્યો હતો અને સાઉદી અરેબિયાના તબુકમાં આવેલા પ્રિન્સ સુલતાન બિન અબ્દુલ અઝીઝ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. બંને ઘવાયેલા પાઇલોટોને તાત્કાલિક તબુકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સાઉદી સત્તાવાળાઓએ હુમલાખોર સહ-પાઇલટની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરી છે. ઇઝરાયેલના સંરક્ષણ મંત્રી ઇઝરાયેલ કાત્ઝે આ ઘટનાને 'જીહાદી આતંકવાદી હુમલાનો પ્રયાસ' ગણાવ્યો હતો.

હવામાં કટોકટી અને ફ્લાઇટ ડેટા

વિમાન મોડેલઃ બોઈંગ 737 મેક્સ (ફ્લાયદુબઇ એફઝેડ1073)
મુસાફરોની સંખ્યાઃ 174 (27 બાળકો સહિત)
ઊંચાઈમાં ઝડપી ઘટાડોઃ 34,000 ફૂટથી ઘટીને 17,000 ફૂટ (માત્ર 1 મિનિટમાં)
ઝડપઃ પ્રતિ કલાક 600 નોટ્સ સુધી પહોંચી
ઇમરજન્સી સિગ્નલઃ કોડ 7700 (સામાન્ય કટોકટી) અને કોડ 7500 (હાઇજેકિંગ)
લેન્ડિંગ સ્થળઃ તબુક એરપોર્ટ, સાઉદી અરેબિયા
વિમાનમાં નુકસાનઃ પાછળના રડર (વર્ટિકલ સ્ટેબિલાઇઝર)નો ભાગ ક્ષતિગ્રસ્ત

વડાપ્રધાન નેતન્યાહૂનું નિવેદન

- પાઇલોટે વિમાનની સિસ્ટમ ખોરવીને મુસાફરો સાથે વિમાન ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો.
- સાહસિક મુસાફરો અને રાહત પાઇલોટોએ કૂકપીટમાં ઘૂસીને હુમલાખોરને કાબૂમાં લીધો.
- આ જાંબાઝ લોકોએ સેંકડો જીવ બચાવીને ઇઝરાયેલ પર મોટો આતંકી હુમલો ટાળ્યો છે.

સંસ્થાકીય પ્રતિક્રિયાઓ અને તપાસ

સાઉદી અરેબિયાઃ તબુક પોલીસે હુમલાખોર પાઇલટની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી.
ઇઝરાયેલ સુરક્ષાઃ મોસાદ, શિન બેટ અને આઇડીએફ દ્વારા આતંકવાદી કાવતરાના કોણથી તપાસ.

સાઉદી અરેબિયામાં ઇઝરાયેલી વિમાનનું આ પ્રથમ ઇમરજન્સી લેન્ડિંગ નથી

રાજદ્વારી સંબંધો ન હોવા છતાં સાઉદી અરેબિયાએ 2022થી ઇઝરાયેલી ફ્લાઇટો માટે પોતાની એરસ્પેસ ખોલી છે

જોકે, છેલ્લા કેટલાક દાયકાઓથી ઇઝરાયેલે આવી કોઈ હાઇજેકિંગની ઘટનાનો સામનો કર્યો નથી. તેમ છતાં ઇઝરાયેલ જતી તમામ ફ્લાઇટો માટે દેશમાં વિશ્વનું સૌથી કડક એરપોર્ટ સુરક્ષા માળખું જાળવી રાખવામાં આવ્યું છે.
સાઉદી અરેબિયા અને ઇઝરાયેલ વચ્ચે ઔપચારિક રાજદ્વારી સંબંધો નથી, પરંતુ સાઉદી સરકારે 2022માં ઇઝરાયેલી વિમાનો પરનો લાંબા સમયનો એરસ્પેસ પ્રતિબંધ હટાવી લીધો હતો. આ પહેલા 2023માં એક વિમાનમાં ઇલેક્ટ્રિકલ ખામી સર્જાતા સાઉદીમાં ઇમરજન્સી લેન્ડિંગ કરાવાયું હતું.

પ્રત્યક્ષદર્શી મુસાફરોના...

અમે અંદર ઘૂસ્યા અને હુમલાખોરને નીચે પાડી દીધો."
ડેનિયલ (મુસાફર): "વિમાન ચક્રવાતની જેમ નીચે તરફ ડાઇવ મારી રહ્યું હતું. બે-ત્રણ મિનિટ સુધી એવું લાગ્યું કે 11 સપ્ટેમ્બર જેવો આતંકી હુમલો ફરીથી થઈ રહ્યો છે."
દાલિયા શ્પીગલ (મુસાફર): "સમગ્ર વિમાનમાં ભયાનક ચીસો પડી રહી હતી. 3 થી 5 યુવાનો કોકપિટમાં ઘૂસી ગયા અને હુમલાખોરને કાબૂમાં લીધો."
નોઆ શ્પીગલ (પત્રકાર): "મારી 74 વર્ષીય માતા ફ્લાઇટમાં હતા. તેમણે જણાવ્યું કે વિમાન હવામાં ઉછળવા લાગ્યું અને ઝડપથી નીચે જવા લાગ્યું ત્યારે બધાને ખતરાનો અહેસાસ થયો હતો."

ફટાકડા પર પૂર્ણ...

સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ એક નોટ રજૂ કરી હતી. તેમણે સીએસઆઈઆર-નીરી દ્વારા ભલામણ કરાયેલા નેક્સ્ટ જેન જોઈન્ડ ગ્રીન ક્રેકર્સ અંગે મર્યાદિત અને શરતી છૂટછાટ આપવા વિચારણા કરવા રજૂઆત કરી હતી. આ નવા પ્રકારના ગ્રીન ફટાકડામાં ઉત્સર્જન ઘટાડવા માટે બેરિયમ ક્ષારનું પ્રમાણ ઓછું રાખવામાં આવ્યું છે. નોટમાં જણાવવામાં આવ્યું હતું કે જો આવા ફટાકડા માત્ર લાયસન્સ ધરાવતા ઉત્પાદકો દ્વારા જ બનાવવામાં આવે, 125 ડીબી અથવા 145 ડીબીની નિર્ધારિત અવાજની મર્યાદાનું પાલન કરે અને તેમાં કોઈ પ્રતિબંધિત રસાયણો ન હોય તો જ તેની મંજૂરી આપી શકાય.

ભારતમાં આ વર્ષે...

જનરલ ડૉ. મૃત્યુંજય મહોપાત્રાએ જણાવ્યું હતું કે, દેશમાં ચોમાસા દરમિયાન સરેરાશ 868.6 મીમી વરસાદ સામે કુલ 759.4 મીમી વરસાદ થયો છે, જે 13 ટકાની ખાધ દર્શાવે છે. ચાલુ મોસમમાં જૂન મહિનામાં સૌથી વધુ 35.4 ટકા, ઓગસ્ટમાં 16.3 ટકા અને સપ્ટેમ્બરમાં 7.6 ટકા વરસાદની ખાધ રહી હતી. સમગ્ર મોસમ દરમિયાન માત્ર જુલાઈ મહિનો જ એવો રહ્યો હતો જેમાં સામાન્ય કરતાં 1 ટકા વધુ વરસાદ નોંધાયો હતો. આ ચોમાસામાં 14 અલ્પદબાણ (લો-પ્રેશર)ની સિસ્ટમ સર્જાવાને કારણે વરસાદમાં થોડો સુધારો થયો હતો, નહીંતર ખાધ હજુ પણ વધારે હોત. IMD અનુસાર, વર્તમાન તીવ્ર અલ નીનો પરિસ્થિતિ માર્ચ 2027 સુધી જળવાઈ રહેવાની સંભાવના છે.

ઉમરગામ નગરપાલિકા
ટેન્ડર નોટીશ

ઉમરગામ નગરપાલિકા દ્વારા નીચેના કામો માટે ઓન લાઇન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગતો www.tender.nprocure.com તા. ૦૧-૧૦-૨૦૨૬ના રોજ થી તા.૦૯-૧૦-૨૦૨૬ ના રોજ ૧૭:૦૦ કલાક સુધી ભરી શકાશે.

અ. નં	કામનું નામ	(૧) અંદાજીત ખર્ચ (૨) ઈ.એમ.ડી. (૩) ટેન્ડર ફી (૪) કલાસ (૫) ગ્રાન્ટ નો હેડ
૧	(૧) વોર્ડ નં. ૩ માં કાકરીયામોરા મેઈન રોડ થી ESR ને જોડતા ડામર રોડ બનાવવાનું કામ, (૨) વોર્ડ નં.૩ માં ઉમરગામ નગરપાલિકા વિસ્તાર કાકરીયામોરા ઈન્ટરનલ ડામર રોડ બનાવવાનું કામ. (ચોથો પ્રયત્ન)	૨૦,૯૪,૧૦૬.૦૦ ૨૧,૦૦૦.૦૦ ૧,૫૦૦.૦૦ "ઈ૧" કલાસ અને તેના ઉપરની શ્રેણી ૧૫% વિવેકાધીન જોગવાઈ-૨૦૨૬-૨૭
૨	ઉમરગામ નગરપાલિકામાં રોડ રીસરફેસીંગના વાર્ષિક (ચોથો પ્રયત્ન)	૬૦,૦૦,૦૦૦.૦૦ ૫૦,૦૦૦.૦૦ ૨,૪૦૦.૦૦ "ડી" કલાસ અને તેના ઉપરની શ્રેણી રોડ-રીસરફેસીંગ ગ્રાન્ટ/વાર્ષિક ભાવ

નોંધ :- બાનાની રકમ તથા ટેન્ડર ફીનો ડી.ડી. અને જરૂરી ડોક્યુમેન્ટ તા.૧૪-૧૦-૨૦૨૬નાં રોજ બપોરે ૧૬:૦૦ કલાક સુધીમાં નગરપાલિકા કચેરીએ રજી.પોસ્ટ એડી/કુરીયર થી પહોંચતા કરવાના રહેશે. તેમજ સ્કેન કોપી ટેન્ડર સાથે અપલોડ કરવાની રહેશે. ટેન્ડર ઓપન કરવાની (સંભવિત) તા.૧૫-૧૦-૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાક રહેશે. ટેન્ડરનાં તમામ હક્કો નગરપાલિકાને અબાધિત રહેશે.
નોંધ :- ઠેકેદારે પોતાનો ઈ.પી.એફ. નંબર ફરજીયાત લખવાનો રહેશે. જેની નકલ ડોક્યુમેન્ટ સાથે જોડવાની રહેશે. સરકારશ્રીનાં નિયમ મુજબ જી.એસ.ટી. લાગું પડશે.

ગૌરવભાઈ સી. કોન્ટ્રાક્ટર, કારોબારી ચેરમેન, ઉમરગામ નગરપાલિકા
ખુશ્બુબેન એસ. જાદવ, પ્રમુખ, ઉમરગામ નગરપાલિકા
એચ. સિન્હા, ચીફ ઓફીસર, ઉમરગામ નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૪૨૮/૨૦૨૬